www.aiche.org/ccps

Process Safety Beacon — 10 Year Anniversary


http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx


ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by ioMosaic
www.iomosaic.com

# કટોકટી માટેની તૈયારી – ટાઈટેનીક હોનારત

જુલાઈ - ૨૦૧૨





સમુદ્રી જહાજ ટાઈટેનીક ઉતર એટલાન્ટિક સમુદ્રમાં બરફના ટુકડા સાથે અથડાયા પછી લગભગ ૨-૧/૨ કલાકમાં ડૂબી ગયાને, ૧૫ એપ્રીલ ૨૦૧૨એ ૧૦૦મી વર્ષગાંઠ પુરી થઈ. ઈતિહાસની આ સૌથી વધારે પ્રસિદ્ધ હોનારતમાં ૧૫૦૦થી વધારે માણસો માર્યા ગયા હતા. ટાઈટેનીક ડૂબવા ઉપર તો હજારો પાનાઓ લખાયા છે અને એટલી જ વધારે ડોક્યુમેન્ટરી અને કાલ્પનીક ફીલ્મો ઉતારવામાં આવી છે. ઘણાં જહાજના બાંધકામ ઉપર તથા કેપ્ટન અને તેના ક્રુ મેમ્બરોના પગલાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. બાંધકામ અને કામકાજમાં ગમે તે સમસ્યા હોઈ શકે, પરંતુ એક ચોક્કસ સમસ્યા તરફ ધ્યાન અપાયુ હોત તો ઘણી બધી જીંદગી બચાવી શકાઈ હોત – "તે છે કટોકટી સામેની તૈયારી".

ટાઈટેનીક ડૂબી ગઈ એ પહેલાં કેટલાંક ચોક્કસ કટોકટી સામેની તૈયારીમાં રહેલી ક્ષતિમાં સામેલ છે;

•બધા પ્રવાસીઓ અને ક્રુ માટે પુરતી લાઈફબોટો ન હતી, કદાચ એ કારણે કે જહાજ બાંધનારાઓ એવુ માનતા હતા કે જહાજ કદી ડૂબી શકે તેમ નથી !

•લાઈફબોટ ડ્રીલ કરવામાં આવ્યુ ન હતું અને ઘણા બધા લોકોને ખબર ન હતી કે ક્યાં જવુ અને શું કરવું.

•ટાઈટેનીકમાંથી રવાના કરાયેલી શરૂઆતની ઘણી લાઈફબોટો આખી ભરેલી ન હતી અને તેમાંના કેટલાક લોકો, ઠંડા પાણીમાં ફસાયેલા લોકોને એવી બીકથી લેવા તૈયાર ન હતા કે તેનાથી લાઈફબોટ ડૂબી જશે.

•જહાજને છોડી દેવાનો નિર્ણય ખૂબ મોડો લીધો જ્યારે કેપ્ટન અને ક્રુએ નુકશાનીનો અંદાજ બાંધ્યો. જો કેપ્ટને ખાલી કરવાનુ વહેલુ ચાલુ કરાવ્યુ હોત તો લોકોમાં ભય ન ફેલાત અને લાઈફબોટને સારી સારી રીતે ભરીને વ્યવસ્થિત રીતે માણસોને બીજે લઈ જઈ શકાત.

## તમે શું કરી શકો ?





➔પ્રક્રિયા કારખાનાઓમાં ઘણી જાતની કટોકટી માટેના રીહર્સલ કરવામાં આવતા હોય છે.જેમકે – આગ, ઢોળાવુ અથવા પ્રસરણ સામે તૈયારી, છુપાવાની જગ્યાની તૈયારી, જગ્યા છોડવાની કસરત અને ખરાબ હવામાન, વિગેરે સામાન્ય પ્રકારે વપરાય છે. આ દરેક પરિસ્થિતિમાં તમારી જવાબદારી પ્રત્યે જાગ્રત થાઓ કારણ કે દરેક પરિસ્થિતિમાં તે અલગ હશે.

➔રીહર્સલમાં કે સાચી કટોકટીમાં, એવા લોકોનો અભ્યાસ કરો જેમને યાદ નથી આવતુ કે તેમણે શું કરવાનુ હતું, ખાસ કરીને નવા કામદારો, મુલાકાતીઓ અને કોન્ટ્રાક્ટરો- તેમને સુરક્ષિત રીતે સામનો કરવામાં મદદ કરો.

➔તમે રીહર્સલમાં કે સાચી કટોકટી વખતે કોઈપણ સમસ્યા જુઓ તો તરત જ તમારા ઉપરીને જણાવો. કેટલાંક ઉદાહરણો, કેટલાંક કામ એવા હોય છે કે જે  ઉપલબ્ધ સમયમાં કરવા શક્ય નથી, કટોકટીની પરિસ્થિતિને કારણે કેટલીક વસ્તુ સુરક્ષિત રીતે ન કરી શકો, બહાર જવાની નિશાની દેખાય નહી અથવા મુંઝવણ પેદા કરે, કટોકટીની સાયરન કે સ્પીકરનો અવાજ ન સંભળાય, એવા સુરક્ષાના સાધનોની જરૂરીઆત પડે જે તમારી પાસે ન હોય કે બગડેલુ હોય.- તમારાં અવલોકનો જણાવો. તે કોઈ દિવસ કોઈની જાન બચાવશે.

➔રીહર્સલને ગંભીરતાથી લો અને બીજાને પણ યાદ અપાવો સારૂ કામ કરવા માટે.  રીહર્સલને બીજા કારખાનાઓના માણસોને મળવા માટેનો સમય બનાવવા કરતા રીહર્સલને સામાજીક મેળાવડો બનવા દો.

➔તમે જ્યારે બીજા કારખાનાના અકસ્માત વિશે વાંચો ત્યારે તમારી જાતને પુછો કે તેમાં એવુ કશુંક છે જે તમે શીખી શકો અને જેથી તમારા પ્લાન્ટને વધારે સુરક્ષિત બનાવી શકો.

➔તમારા પ્લાન્ટને ડૂબવા ન દેશો કટોકટીની ખરાબ તૈયારીથી અથવા કેવી રીતે સામનો કરવા અંગેનુ જ્ઞાન ન હોવાથી.

**પ્રક્રિયા સુરક્ષાના બધાં જ બોધ ખાલી આપણી ઈન્ડસ્ટીઝમાં નથી આવતાં !**

AIChE © 2012. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged.  However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited.   Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.